**પ્ર.:૧ પાઠની પૂર્તિ કરો :** **(૨૪) ૪૬**

(ક) ૧) મજ્જણાવિહિં .......ભક્ખણાવિહિં

**જ:** ૧) મજ્જણાવિહિં વત્થવિહિં વિલેવણા વિહિં પુષ્ફવિહિં આભરણાવિહિં ધૂપવિહિં પેજ્જવિહિં ભક્ખણાવિહિં

૨) અચ્ચક્ખરં .......અકાલે કઓ

**જ:** ૨) અચ્ચક્ખરં પયહીણં વિણયહીણં જોગહીણં ઘોસહીણં સુટ્ઠુદિન્નં દુટ્ઠુપડિચ્છિયં અકાલે કઓ

૩) અસણં .......જોગનાં પચ્ચક્ખાણ

**જ:** ૩) અસણં પાણં ખાઈમં સાઈમંના પચ્ચક્ખાણ અબંતીના પચ્ચક્ખાણ મણિસોવનના પચ્ચક્ખાણ માલાવન્નગ વિલેવણાના પચ્ચક્ખાણ સત્થ મુસલાદિક સાવજ્જ જોગનાં પચ્ચક્ખાણ

૪) ભે કિલામો .......ચ ભે ?

**જ:** ૪) ભે કિલામો અપ્પકિલંતાણં બહુ સુભેણં ભે દિવસો વઇક્કંતો જત્તાભે ? જવણિજ્જં ચભે ?

૫) સરણ .......જાવયાણં

**જ:** ૫) સરણ ગઈ પઇટ્ઠાણં અપ્પડિહય વરનાણં દંસણ ધરાણં વિયટ્ટછઉમાણં જિણાણં જાવયાણં

૬) દંસણે .......કસાયાણં

**જ:** ૬) દંસણે ચરિત્તાચરિત્તે સુએ સામાઈએ તિણ્હં ગુત્તીણં ચઉણ્હં કસાયાણં

૭) દંત વાણિજ્જે .......દવગ્ગિદાવણયા

**જ:** ૭) દંત વાણિજ્જે કેસ વાણિજ્જે રસવાણિજ્જે લક્ખવાણિજ્જે વિસવાણિજ્જે જંત પીલણ કમ્મે નિલ્લંછણ કમ્મે દવગ્ગિદાવણયા

૮) સમકિત .......વાવન્ન

**જ:** ૮) સમકિત પરમત્થ સંથવોવા સુદિઠ્ઠ પરમત્થ સેવણા વાવિ વાવન્ન

**(ખ) નીચેના શબ્દોના ગુજરાતી અર્થ લખો :** **(૮)**

| | | | |
|---|---|---|---|
| ૧) | જીવ દયાણં | **જવાબ :** | સંયમ રૂપી જીવનના દેનાર |
| ૨) | સિજ્જંસ | **જવાબ :** | શ્રી શ્રેયાંસનાથ સ્વામીને |
| ૩) | જાવ | **જવાબ :** | જ્યાં સુધી |
| ૪) | ઠાણં સંપતાણં | **જવાબ :** | સ્થાનને પામેલા |
| ૫) | પડિક્કમામિ | **જવાબ :** | પ્રતિક્રમણ કરું છું |
| ૬) | સમ્મં | **જવાબ :** | સમ્યક પ્રકારે, ભલીરીતે |
| ૭) | સંકામિયા | **જવાબ :** | સંક્રમણ કર્યુ હોય, રાખ્યા હોય |
| ૮) | મમ દિસંતુ | **જવાબ :** | મને આપો |

**(ગ) નીચેના શબ્દોનું માગધી લખો :** **(૮)**

| | | | |
|---|---|---|---|
| ૧) | ધર્મધ્યાન કરીને | **જવાબ :** | ઝાણેણં |
| ૨) | પરિત્યાગ કરું છું. | **જવાબ :** | પચ્ચકખામિ |
| ૩) | રસ્તામાં જતાં - આવતાં. | **જવાબ :** | ગમણાગમણે |
| ૪) | ભયને જિતનારા. | **જવાબ :** | જિય ભયાણં |
| ૫) | આપ જ્ઞાન સ્વરૂપ છો. | **જવાબ :** | ચેઇયં |
| ૬) | સ્તુતિ કરાયેલા | **જવાબ :** | અભિથુઆ |
| ૭) | ન હોય તો. | **જવાબ :** | ન ભવઈ |
| ૮) | શ્રી ધર્મનાથ સ્વામીને. | **જવાબ :** | ધમ્મં |

**(ઘ) સામાયિકના ૩૨ દોષમાંથી લખો :** **(૩)**

| | | | |
|---|---|---|---|
| ૧) | મનનો ત્રીજો | **જવાબ :** | લાભાર્થ દોષ |
| ૨) | વચનનો ૬ | **જવાબ :** | વિકથા દોષ |
| ૩) | કાયાનો ૧૦ | **જવાબ :** | વિમાસણં દોષ |

**નીચેનામાં સામાયિકનો કયો દોષ લાગે ?** **(૩)**

| | | | |
|---|---|---|---|
| ૧) | શરીરનો મેલ ઉતારવો. | **જવાબ :** | મલદોષ |
| ૨) | સામાયિકમાં રાગ - દ્વેષ કરવા. | **જવાબ :** | કષાય દોષ અને રોષ દોષ |
| ૩) | સૂત્રના પાઠને ટૂંકા કરીને બોલવા. | **જવાબ :** | સંક્ષેપ દોષ |

**પ્ર.:૨ નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે જવાબ લખો :** **(૯) ૧૪**

૧) જેને આંખ ન હોય તેને કેટલી ઇન્દ્રિય હોય અને એનું ઉદાહરણ આપો ?

**જ:** ૧) જેને આંખ ન હોય તેને ત્રણ ઇન્દ્રિય હોય. દા. ત. કીડી, મકોડા.

૨) કાઉસગ્ગની વિધિ બતાવો ?

**જ:** ૨) કાઉસગ્ગ પલાંઠીવાળીને બેસીને અથવા ઊભા રહીને બે હાથ નીચે રાખી, બંને આંખોને અર્ધખુલ્લી રાખી એક પદાર્થ પર દ્રષ્ટિ સ્થિર કરીને કરાય.

૩) ચંદ્ર, સૂર્ય અને સાગરની ઉપમા કોને આપી છે ?

**જ:** ૩) તીર્થંકરને ચંદ્ર, સૂર્ય અને સાગરની ઉપમા આપી છે.

૪) અતિક્રમ એટલ શું ?

**જ:** ૪) લીધેલા વ્રતને તોડવાની ઇચ્છા કરવી તે અતિક્રમ

૫) કોટિ અને યોગ કોને કહે છે ?

**જ:** ૫) કોટી એટલે પ્રકાર કે મર્યાદા કે છેડો. જ્યારે યોગ એટલે મન, વચન અને કાયાનો વ્યાપાર અથવા પ્રવૃત્તિ.

૬) સામાયિકનો પહેલો અને ત્રીજો અતિચાર લખો ?

**જ:** ૬) સામાયિકનો પહેલો અતિચાર મણદુપ્પણિહાણે અને ત્રીજો અતિચાર કાયદુપ્પણિહાણે છે.

૭) પ્રણિપાત સૂત્ર એટલે શું ?

**જ:** ૭) પ્રણિપાત એટલે વિશેષ નમસ્કાર

૮) સિધ્ધની સ્તુતિ કયા પાઠથી થાય છે ?

**જ:** ૮) પહેલા નમોત્થુણંથી સિધ્ધ ભગવાનની સ્તુતિ થાય છે.

૯) વંદના કરવાથી શું લાભ થાય તે બે મુદ્દા લખો ?

**જ:** ૯) વંદના કરવાથી નીચ ગોત્રનો ક્ષય થાય. ઉંચગોત્ર નો બંધ થાય છે.

**(ખ) ખાલી જગ્યા પૂરો :** **(૫)**

૧) સામાયિકમાં ....... તથા ....... નું ચિંતન કરવું.

**જ:** ૧) સામાયિકમાં આત્મગુણોનું તથા બાર ભાવનાનું ચિંતન કરવું.

૨) આત્માની સાક્ષીએ દોષોની આલોચના એટલે .......

**જ:** ૨) આત્માની સાક્ષીએ દોષોની આલોચના એટલે નિંદામિ (સામાયિકનો છઠ્ઠો પાઠ)

૩) અરિહંતને ....... કર્મ ક્ષય કરવાના બાકી છે.

**જ:** ૩) અરિહંતને ચાર કર્મ ક્ષય કરવાના બાકી છે.

૪) સામાયિકમાં ....... ની પ્રાપ્તિ થાય છે.

**જ:** ૪) સામાયિકમાં સમભાવ ની પ્રાપ્તિ થાય છે.

૫) વાણીથી સ્તુતિ કરવી એટલે .......

**જ:** ૫) વાણીથી સ્તુતિ કરવી એટલે કિત્તિય.

૬) નમોત્થુણંનું બીજું નામ ....... અને ....... છે.

**જ:** ૬) નમોત્થુણંનું બીજું નામ શક્રસ્તવ અને પ્રાણિપાત છે.

૭) જેનાથી પીડા થાય એટલે .......

**જ:** ૭) જેનાથી પીડા થાય એટલે શલ્ય.

૮) ......., પાપની પ્રવૃત્તિને સાવદ્યયોગ કહે છે.

**જ:** ૮) ૧૮, પાપની પ્રવૃત્તિને સાવદ્યયોગ કહે છે.

**પ્ર.:૩ સંસ્કાર વિભાગ :** **૨૦**

**ક) નીચેના પ્રશ્નોના જવાબ લખો :** **(૧૪)**

૧) મારા જીવનનમાં કોને કેન્દ્રમાં રાખીશ ?

**જ:** ૧) ધર્મને કેન્દ્રમાં રાખીશ

૨) દુનિયામાં મારું કોણ છે ?

**જ:** ૨) આત્મા અને ધર્મ મારો છે.

૩) શ્રધ્ધાવાન કોનો જેવો બનીશ ?

**જ:** ૩) અમરકુમાર જેવો શ્રધ્ધાવાન બનીશ

૪) શું કાયમ ન ટકે ?

**જ:** ૪) આરોગ્ય, સંબંધો, શરીર, સંપત્તિ, યુવાની કાયમ ન ટકે.

૫) અરૂપી આત્મા કોના થકી દેખાતો નથી ?

**જ:** ૫) અરૂપી આત્મા આંખ થકી દેખાતો નથી.

૬) તકલીફમાં કોણ બચાવે ?

**જ:** ૬) તકલીફમાં કોઈ ન બચાવે.

૭) દરેક સમયે આપણને કોણ શરણ આપે ?

**જ:** ૭) દરેક સમયે આપણને અરિહંત, સિધ્ધ, સાધુ અને ધર્મ જ શરણ આપે.

૮) આત્માને કયા કયા સ્પર્શ ન હોય ? પાઠમાં જે સ્પર્શના નામ આપ્યાં હોય તે લખો.

**જ:** ૮) આત્માને ભાર કે વજન નથી. ગરમ કે ઠંડો, મુલાયમ કે ખરખચડો સ્પર્શ નથી

૯) સેવા કોના જેવી કરીશ ? ધન્ના અણગાર જેવું શું કરવું ?

જ : ૯) સેવા નંદીષેણ જેવી કરીશ. ધન્ના અણગાર જેવું તપ કરીશ.

૧૦) મોક્ષ એટલે શું ?

જ : ૧૦) જ્યાં જન્મ અને મૃત્યુ નથી તેને મોક્ષ કહે છે.

૧૧) જ્ઞાનવૃદ્ધિનો છઠ્ઠો અને આઠમો બોલ લખો.

જ : ૧૧) જ્ઞાનવૃદ્ધિનો છઠ્ઠો બોલ – ગુરુનો વિનય કરીને અભ્યાસ કરવાથી જ્ઞાન વધે.
આઠમો બોલ – શીખેલું જ્ઞાન વારંવાર ફેરવવાથી જ્ઞાન વધે છે.

૧૨) અભિગમ એટલે શુ ? પાંચમો અભિગમ લખો.

જ : ૧૨) સાધુ – સાધ્વીજી પાસે જતાં અથવા રસ્તામાં મળે ત્યારે પાળવા યોગ્ય નિયમો એટલે અભિગમ.
પાંચમો અભિગમ – મનની એકાગ્રતા – મનની એકાગ્રતાથી વ્યાખ્યાન, વાંચણી સાંભળવા અને સ્વાધ્યાય કરવો.

## ખ) જોડકા જોડો (૬)

| | | | | જવાબ |
|---|---|---|---|---|
| ૧) | શાલીભદ્ર | – | આત્મા | ત્યાગ |
| ૨) | પુણિયા | – | ત્રીજો અભિગમ | સામાયિક |
| ૩) | અરૂપી | – | ત્યાગ | આત્મા |
| ૪) | અંજલી કરણ | – | કષ્ટ | ત્રીજો અભિગમ |
| ૫) | ઉત્તરાસંગ | – | સામાયિક | ચોથો અભિગમ |
| ૬) | મહાવીર | – | ચોથો અભિગમ | કષ્ટ |

## પ્ર. : ૪ વાર્તાના આધારે પ્રશ્નોના જવાબ લખો : ૧૦

૧) ચંદનબાળાની હાલત ભોંયરામાં કેવી હતી ?

જ : ૧) ચંદનવાળાના વાળ મૂંડાવી નાખ્યા હતા. પગમાં બેડી નાખી અને ઘરના ભોંયરામાં ગુપ્ત રીતે પૂરી તાળું દઈ દીધું હતું. તેની હાલત દયાજનક હતી.

૨) ભગવાન પાર્શ્વનાથને મેઘમાળીથી બચાવવા ધરણેન્દ્ર દેવે શું કર્યું ?

જ : ૨) ધરણેન્દ્રે ધ્યાનસ્થ ભગવાનના માથ પર છત્ર કર્યું અને પગ નીચે લાંબી દાંડીવાળુ કમળ રચી દીધું.

૩) નંદિષેણ મુનિની સેવા કેવી હતી ?

જ : ૩) નંદિષેણ મુનિની સેવા ખરેખર અદ્‌ભુત અને અનન્ય હતી.

૪) કમઠ કેવો હતો ? તેણે શું શું ધારણ કર્યું હતું ?

જ : ૪) કમઠ અજ્ઞાની હતો. માથે જટા ધારણ કરી હતી અંગે રાખ ચોળેલી હતી. સળગતી ધૂણીઓ વચ્ચે એક લંગોટ પહેરીને બેઠો હતો.

૫) ભોજન કરતાં પૂર્વે ચંદનબાળા શું વિચારે છે ? કઈ ભાવના ભાવે છે ?

જ : ૫) ભોજન કરતાં પૂર્વે ચંદનબાળા વિચારે છે મારે આંગણે કોઈ સંત પધારે તો તેને ભોજન આપીને પછી મારું પારણું કરું. સુપાત્રદાનની ભાવના ભાવે છે.

૬) સેવા કઈ કઈ રીતે કરી શકાય ?

**જ:** ૬) સંસારમાં રહીને સેવા કરી શકાય અને સાચી છકાય જીવોની દયારૂપ આત્માની સેવા સાધુ કરી શકે. આ બંને રીતે સેવા કરી શકાય.

૭) તાપસ અને નાગ મૃત્યુ પામીને ક્યાં ઉત્પન્ન થયા ?

**જ:** ૭) તાપસ મૃત્યુ પામી મેઘમાળી દેવ અને નાગ ધરણેન્દ્ર નામનો નાગકુમાર દેવ થયા.

૮) કૌશાંબી નગરીના રાજા-રાણીનું નામ શું છે ?

**જ:** ૮) કૌશાંબી નગરીના રાજા શતાનીક અને રાણી મૃગાવતી.

૯) વરસીદાન એટલે શું ?

**જ:** ૯) દિક્ષા પૂર્વે એક વર્ષ દાન આપે તેને વરસીદાન કહે છે.

૧૦) પાર્શ્વનાથ ભગવાનને જન્મથી કેટલાં જ્ઞાન હતાં, ક્યાં ક્યાં ?

**જ:** ૧૦) ભગવાન પાર્શ્વનાથને જન્મથી ત્રણ જ્ઞાન હતા. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન

**પ્ર.:૫ કાવ્યની પૂર્તિ કરો : ૧૦**
**નીચેના પ્રશ્નોના જવાબ લખો :**

૧) મારા જીવનની ....... પ્રાણ છે.

**જ:** ૧) મારા જીવનની નૌકા કેરું, તુજ હાથે સુકાન છે
ચાહે ડુબાડે કે તું તારે, પરવશ મારા પ્રાણ છે.

૨) એના મોંઘા ....... નથી રાખ્યું.

**જ:** ૨) એના મોંઘા વચનોની, હું હાંસી ઉડાવું છું.. કેખો
મને વિદ્યા દેનારા, ગુરૂને મેં શું આપ્યું,
દક્ષિણા દેવાનું મેં યાદ નથી રાખ્યું.

૩) દેહ મળ્યો ........ અમે બળવાના

**જ:** ૩) દેહ મળ્યો છે ભવ તરવાને, ધર્મ કરીશું એના સહારે
ખાવાપીવાના શોખ ભૂલીશું, ફરવા જઈશું તો દ્વાર તમારે
કષ્ટ દઇને (૨) તનને તપાવી, કચરો કરમનો અમે બળવાના

૪) સાધુઓ સત્તાવીશ ....... શાંતિ અપાર.

**જ:** ૪) સાધુઓ સત્તાવીશ ગુણોથી શોભતા, સદ્ગુણોના ભંડાર
સંસારના સુખો સર્વ ક્ષણિક છે, ધર્મમાં શાંતિ અપાર.

|| જય જિનેન્દ્ર ||